| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૩/૦૬/૨૦૧૯ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૩/૦૬/૨૦૧૯ | | |
| ફેંસલ તારીખ | ૧૭/૦૭/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૭ | ૦૧ | ૦૪ |
| આંક | | | |

**ફોર્મ- "એ"**

| | | |
|---|---|---|
| **મે. જામનગર ના અધિક મુખ્ય ફોજદારી ન્યાયાધીશ, તા.જી.જામનગરના ન્યાયાલયમાં શ્રી એન. જી. પરમાર-મુખ્ય ફોજદારી ન્યાયાધીશ, જામનગર.** | | |
| ચુકાદા તારીખ | | |
| ફોજદારી કેસ સંખ્યા | | ૫૩૫૫/૨૦૧૯. |
| **ગુનાની વિગત** | | |
| ગુનાની કલમ | | ભારતીય દંડ સંહિતા ની કલમ ૧૭૦,૧૧૪ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | | સીટી બી ડીવી. પોલીસ સ્ટેશન ફ.ગુ.રજિ. નં.-૬૦/૨૦૧૯. |
| પોલીસ સ્ટેશન | | સીટી બી ડીવી. પોલીસ સ્ટેશન. |
| ફરિયાદી | | કે.કે.ગોહીલ |
| ફરિયાદપક્ષ તરફે | | વિ.એ.પી.પી.શ્રી પી.જે.પટેલ. |
| આરોપી | | **(૧)રક્ષીતકુમાર મનહરલાલ શેઠ** ઉ.વ.૫૧, રહેઃ સ્નેહદીપ એપાર્ટ.ફ્લેટ નં.૩ તથા ૪ પેલેસ રોડ,જામનગર. |
| | | **(૨)આસીષભાઇ ભરતકુમાર દોશી** ઉ.વ.૪૪,રહે.અપણરિસીડેન્સી,ફ્લેટનં.૪૦૩,પટેલ કોલોની શેરી નં.૦૩,રોડ નં.૦૩,જામનગર. |
| આરોપી તરફે | | વિ.વ.શ્રી એસ.ડી.મહેતા. |

## ફોર્મ– “બી"

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૨/૦૪/૨૦૧૯ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૪/૦૪/૨૦૧૯ |
| આખરી અહેવાલની તારીખ | ૧૩/૦૬/૨૦૧૯ |
| તહોમતનામું ઘડયાની તારીખ | --- |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૦૯/૧૨/૨૦૨૧ |
| ચુકાદા માટે અનામત રાખ્યા તારીખ | --- |
| ચુકાદાની તારીખ | --- |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | --- |

## આરોપીની વિગત

| અ.નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર છૂટયા ની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવા માં આવી | ફો.કા.સં. કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયત ની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રક્ષીતકુમાર મનહરલાલ શેઠ | ૨૪/૦૪/૨૦૧૯ | ૨૪/૦૪/૨૦૧૯ | ભારતીય દંડ સંહિતા ની કલમ–૧૭૦,૧૧૪ મુજબ. | **નિર્દોષ** | -- | વર્ષ–માસ–દિ. ૦૦–૦૦–૦૦ |
| ૨ | આસીષભાઇ ભરતકુમાર દોશી | | | | **નિર્દોષ** | -- | વર્ષ–માસ–દિ. ૦૦–૦૦–૦૦ |

## ફોર્મ–સી

### (એ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા

ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજૂ કરેલ છે.

| અ.નં. | આંક | સાહેદના નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૭ | કુમારપાલસિંહ કરણસિંહ ગોહીલની જુબાની | ફરિયાદી |
| ૨ | ૨૩ | અનિરૂધ્ધસિંહ ગણપતસિંહ જાડેજાની જુબાની. | સાહેદ |
| ૩. | ૨૭ | ચેતનભાઇ વિનોદચંદ્ર ઉપાધ્યાયની જુબાની. | સાહેદ |
| ૪. | ૩૪ | ગીરીશ લક્ષ્મીદાસ મણીયારની જુબાની. | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૫. | ૩૭ | સજ્જનસિંહ વનરાજસિંહ જાડેજાની જુબાની. | સાહેદ |
| ૬. | ૪૦ | કિરીટસિંહ ચંદ્રસિંહ વાઘેલાની જુબાની. | ત.ક.અ. |

## (બી) ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા

ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૮ | ફરીયાદ |
| ૨ | ૧૯ | આરોપીના ચહેરા નિશાન પત્રકો |
| ૩ | ૨૦ | રીકવરી પંચનામું |
| ૪ | ૨૫ | પંચનામું |

## –// ચુકાદો //–

(૧.૦) આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૨/૦૪/૨૦૧૯ના રોજ આ કામના આરોપીઓએ કલેકટર કચેરીમાં આવી ચુંટણી શાખામાં જઇ પોતે સરકારી નોકર ન હોવા છતાં પોતાની ઓળખ નેશનલ ઇન્ટેલીજન્ટ બ્યુરોના અધિકારીતરીકે આપી તા.૨૩/૦૪/૨૦૧૯ના રોજ યોજાનાર ચુંટણીના મતદાન મથકોમાં પ્રવેશ કરી શકે તે હેતુથી પાસ મેળવવાની કોશીશ કરી પકડાઈ જઈ આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૭૦,૧૧૪ મુજબ. મુજબના આક્ષેપિત ગુનાઓ કરેલ છે. સદરહું બનાવ બાબતની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં આપતાં તે સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજિસ્ટર નં.–૬૦/૨૦૧૯ થી નોંધવામાં આવેલી અને તેની તપાસ આ કામના તપાસ કરનાર અમલદારશ્રી ને સોંપવામાં આવેલી.

(૨.૦) સદરહુ બનાવ અનુસંધાનેની તપાસ, તપાસ કરનાર અમલદાર શ્રીએ કર્યા બાદ તેઓશ્રીના મંતવ્ય મુજબ આ કામના આરોપી વિરુદ્ધ ચાર્જશીટ કરવા માટે પૂરતો પુરાવો હોય, આરોપી સામે ભારતીય દંડ

સંહિતાની કલમ–૧૭૦,૧૧૪ મુજબના ગુનાઓનું ચાર્જશીટ તા.૨૪/૦૪/૨૦૧૯ ના રોજ નામદાર કોર્ટમાં રજૂ કરેલ છે અને સદર ચાર્જશીટ ફોજદારી કેસ નંબર–૫૩૫૫/૨૦૧૯ થી નોંધવામાં આવેલ છે.

**(૩.૦)** ત્યારબાદ, આ કામના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ થતાં તેઓ નામદાર અદાલત સમક્ષ હાજર થયેલ છે, આરોપીને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે, ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૧૭૩ મુજબના પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૪૦(૧) પ્રમાણે આરોપી વિરૂધ્ધ ઉપરોક્ત ગુના અંગે, આરોપી ઓની આંક–૧૨ તથા આંક–૧૩થી જવાબ લેતાં આરોપીઓએ તેઓની સામેના ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આરોપીઓ સામે આગળ ચલાવવામાં આવેલ છે.

**(૪.૦)** ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવા સિવાય ફરિયાદપક્ષે કોઈ પુરાવો રજૂ થયેલ નથી. આ કામે આરોપીનું ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપી સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નહી હોવાનું અને બચાવમાં સાક્ષીઓ તપાસવા માંગતા નહી હોવાનું જણાવેલ છે અને તેમને વિશેષમાં તેમણે જણાવેલ છે કે, તેમની વિરૂદ્ધ ખોટા પુરાવા ઉભા કરી ખોટી ફરિયાદ કરવામાં આવેલ છે. જેથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૫.૦)** બાદમાં, રેકર્ડ આધારિત દલીલો પક્ષકારોના વિ.વ.શ્રીઓએ કરેલ છે. સરકાર તરફે **વિ.એ.પી.પી.શ્રી**એ દલીલ કરતા જણાવેલ છે કે, ફરિયાદી તથા સાહેદોનો પુરાવો વંચાણે લેતાં, બનાવ સમયે આરોપીઓએ પોતે સરકારી નોકર ન હોવા છતા પોતાની ઓળખ સરકારી અધિકારી તરીકેની આપી મતદાન મથકમાં પ્રવેશ કરી શકે તે હેતુથી તેના પાસ મેળવવાની કોશીશ કરી પકડાઈ જઈ આરોપીએ ભારતીય દંડ સંહીતા કલમ–૧૭૦, ૧૧૪ મુજબનો સજાને પાત્ર

ગુનો કરેલ હોવાની હકીકત વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ છે તેમજ બચાવ પક્ષ દ્વારા જે બચાવ ઉપસ્થિત કરવામાં આવેલ છે તે બચાવ માની શકાય તેમ નથી. તેથી ફરિયાદ પક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાઓ પરથી આરોપીઓ વિરુદ્ધ ગુનો પુરવાર થતો હોય આરોપીઓ વિરૂદ્ધ ગુનો પુરવાર માની અને દાખલારૂપ સજા કરવાની રજુઆત કરેલ છે.

(૬.૦) બચાવપક્ષ તરફે **વિ.વ.શ્રી એસ.ડી.મહેતા** નાઓએ મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, આ કામે ફરિયાદ પક્ષ તરફે પુરાવો રજુ કરવામાં આવેલ છે બનાવ સમયે આરોપીઓએ પોતાની ઓળખ સરકારી અધિકારી તરીકે આપેલ હોય તે હકીકત દસ્તાવેજી કે મૌખિક પુરાવાથી પુરવાર થયેલ નથી. ફરિયાદ પક્ષના કેસના સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે ફરીયાદપક્ષ આરોપીઓએ ચોકકસ શું ઓળખ આપેલ હતી તે હકીકત પુરવાર કરી શકેલ નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે ફરીયાદપક્ષ દ્વારા ફરીયાદ શા માટે મોડી આપવામા આવેલ છે તેમજ આરોપીઓને શા માટે મોડા અટક કરવામાં આવેલ છે તે અંગેનો કોઇ વ્યાજબી ખુલાસો કરવામાં આવેલ નથી. જેથી ફરીયાદપક્ષનો સંપુર્ણ કેસ શંકાસ્પદ જણાય આવે છે. આમ ફરીયાદપક્ષ વ્યાજબી પુરવાને આધીન આરોપીઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ હોય તેવી કોઇ હકીકત પુરવાર કરી શકેલ નથી. આમ, ફરિયાદ પક્ષ આરોપી સામેનો ગુનો પુરાવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે તેવી રજુઆત કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૭.૦) આ કેસની ઉપરોક્ત હકીકતો, સંજોગો, રેકર્ડ ઉપર રજૂ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભય પક્ષ ની રજૂઆતો ધ્યાને લેતાં, આ કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –// <u>મુ દ્દા</u> //–

(૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, તા.૨૨/૦૪/૨૦૧૯ના રોજ આ કામના આરોપીઓએ કલેકટર કચેરીમાં આવી ચુંટણી શાખામાં જઈ પોતે સરકારી નોકર ન હોવા છતા પોતાની ઓળખ નેશનલ ઈન્ટેલીજન્ટ બ્યુરોના અધિકારી તરીકે આપી તા.૨૩/૦૪/૨૦૧૯ના રોજ યોજાનાર ચુંટણીના મતદાન મથકોમાં પ્રવેશ કરી શકે તે હેતુથી પાસ મેળવવાની કોશીશ કરી પકડાઈ જઈ આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૭૦,૧૧૪ મુજબ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૭.૧)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નં.૧. – નકારમાં

(૨) મુદ્દા નં.૨. – આખરી હુકમ મુજબ.

## ––// <u>નિર્ણયના કારણો</u> //––

**<u>મુદ્દા નંબર – ૧.</u>**

**(૮.૦)** ફોજદારી ન્યાયશાસ્ત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચું જ બોલતા હોય છે, સિવાય કે, તેનાથી વિરુદ્ધની હકીકતો સાબિત કરવામાં ન આવે કે સાહેદને ખોટું બોલવા માટે કોઈ કારણ છે, ત્યાં સુધી તેની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમમાં કાયદાકીય જોગવાઈ અનુસાર પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો બોજો હંમેશા ફરિયાદપક્ષ પર રહેલો છે. નિર્દોષતાની સાબિતીનો બોજો કયારેય આરોપી તરફ તબદીલ થતો

નથી. ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમમાં કેસનો ન્યાયિક નિર્ણય કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કરવા માટે કોઈ ચોકકસ નિયમો ઘડવામાં આવેલા નથી. કારણ કે, દરેક કેસની હકીકતો, પુરાવો, સાંયોગિક પરિબળો વિગેરે હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારની હોય. નામદાર સર્વોચ્ચ અદાલતે ***સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરૂઘ્ધ લેખરાજ [૨૦૦૦ સુપ્રિમ કોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમિનલ)]*** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જયારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ તમામ પરિબળો તેમજ ફરિયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમાં વિરોધાભાસ, અતિરેકના કારણે ફરિયાદપક્ષના સમગ્ર કેસને અસર થતી ન હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય.

(૯.૦) ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ક્રિમિનલ જયુરીશપ્રુડન્સ તથા પુરાવાના નિયમોને ઘ્યાને લઈ આ કામે ફરિયાદપક્ષનો પુરાવો તથા બચાવપક્ષનો બચાવ ઘ્યાને લેતાં, ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીઓએ તા.૨૨/૦૪/૨૦૧૯ ના સાંજના ૬:૦૦ વાગ્યાના સુમારે કલેકટર કચેરી જામનગર ખાતે જામનગરમાં તા.૨૩/૦૪/૨૦૧૯ ના રોજ યોજાનાર ચુંટણીમાં મતદાન મથકના સ્થળે પ્રવેશવા અંગેના પાસ મેળવવા માટે પોતાની ઓળખ નેશનલ ઈન્ટેલીજન્સ બ્યુરોના ઈન્વેસ્ટીગેશન ઓફીસર તરીકે રાજય સેવક હોવાની ઓળખ આપી ઓળખપત્ર બનાવવાની કોશીષ કરી સદર ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૭૦,૧૧૪ મુજબ શિક્ષાને પાત્ર એવા ગુના કરેલ હોવાનો આક્ષેપ કરેલ છે.

(૧૦.૦)આ કામે ફરિયાદપક્ષ ના પુરાવાની ચર્ચા કરતા પહેલા આ કામના આરોપીઓ સામે આક્ષેપીત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૭૦,૧૧૪ મુજબ ના ગુનાની કાનુની જોગવાઇ વંચાણે લેવી આવશ્યક જણાય છે જે નીચે મુજબ છે.

**ભારતીય દંડ સંહિતા ક. ૧૭૦– જાહેર સેવાનો સ્વાંગ રચવો :–**

કોઈપણ વ્યકિત, પોતે અમુક હોદા પર નથી તેવું જાણવા છતાં એક જાહેરનોકર તરીકે તે હોદા પર હોવાનો સ્વાંગ રતે અને તે હોદા ધરાવતી અન્ય વ્યકિતનું ખોટું નામ ધારણ કરે અને તેવી ખોટી હેસિયતથી તે હોદાની રૂએ તે કરતો હોય તેવી રીતે કૃત્ય કરે અથવા કરવાની કોશિશ કરે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

ઉપરોક્ત કાયદાની જોગવાઈ વંચાણે લેતા એ નોંધવું આવશ્યક છે કે સ્વાંગ રચવામાં આવે ત્યારબાદ તેવી ખોટી હેસ્યિતમાં કોઈ કૃત્ય બને તે આવશ્યક છે, પરંતુ તેવું કૃત્ય છેતરપિંડી નો કે અન્ય કોઈ ગુન્હો જ બને તે જરૂરી નથી. માત્ર સ્વાંગના અનુસંધાને તેવી ખોટી હેસિયતમાં કોઈ કૃત્ય થાય તે જરૂરી છે, જે કૃત્ય કરવામાં આવે કે તેનાં અનુસંધાને અનેક કૃત્ય બને તો પણ આ કલમ લાગુ પડશે. જે કૃત્ય કરવામાં આવે તે અન્ય કોઈ પ્રકારનું નહિ, પરંતુ જેનો સ્વાંગ રચવામાં આવે તે હોદાને લગતું, તે સાથે સંબંધ ધરાવતું કે તેવાં હોદાને અનુરૂપ હોય તે જરૂરી તત્વ ગણાય. આ કલમ હેઠળનાં ગુન્હામાં ગુન્હાહિત ઈરાદો હોય છે જે ઈરાદો સામાન્યપણે કપટી ઈરાદો હોય છે તથા આવી સ્વાંગ રચનાર વ્યકિત મહદઅંશે છેતરપિંડી કરવા ગુનો આચરેલ હોવાનુ પુરવાર કરવું પડે. ઉપરોકત ચર્ચા મુજબની જોગવાઇ ધ્યાને લઈ આગળ ઉપર પુરાવાની ચર્ચા કરેલ છે.

**પુરાવાનું મુલ્યાંકનઃ–**

**(૧૧.૦)**સદર, કાનુની જોગવાઇ તથા પુરાવાના મુલ્યાંકનના પ્રસ્થાપિત સિધ્ધાંત ને ધ્યાને લઈને ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા ફરીયાદપક્ષ દ્રારા સદર હકીકત

પુરવાર કરવા સરકાર તરફે **ફરીયાદ આપનાર કુમારપાલસિંહ કરણસિંહ ગોહીલ (એલ.સી.બી.પોલીસ સબ ઈન્સ્પેકટર)**ને **આંક–૧૭** થી તપાસેલ છે. તેઓએ પોતાની અદાલત સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૨/૦૪/૨૦૧૯ના રોજ કલેકટર કચેરીમાંથી ચુંટણીની ફરજમાં રહેલ અધિકારી મારફતે તેઓને સુચના મળેલ કે કલેકટર ઓફીસ ખાતે તેઓની સમક્ષ બે ઇસમો પોતે ખુફીયા એજન્સીના અધિકારી છે તેવી ઓળખ આપી લોકસભા ચુંટણી ૨૦૧૯ના કામે તા.૨૩/૦૪/૨૦૧૯ના રોજ ચાલુ ચુંટણી દરમ્યાન પોતે પ્રતિબંધીત ક્ષેત્રમાં પ્રવેશ કરી શકે એ માટેનો ઓળખપત્ર સંલગ્ન ચુંટણી અધિકારી મારફતે આપવામાં આવતા હોય છે તે મેળવવા માટે બંને ઇસમો આવેલા જેથી સ્થાનિક ચુંટણી અધિકારીને શંકા જતા તેઓએ પોતાને જાણ કરેલી. વધુમાં જણાવેલ છે કે, સદર ઇસમોને એલ.સી.બી. ઓફીસ ખાતે ચકાસતા બીજા આરોપીઓએ પોતાના નામ જણાવેલ તથા તેમની પાસેથી અલગ અલગ પ્રેસ મીડીયા તથા સાપ્તાહિકોનો કર્મચારી હોવાના ઓળખ કાર્ડો મળી આવેલ જે પૈકીના કોઈ સામાહિક કે દૈનિક અત્રે વાંચવામાં આવતા ન હોય તથા બંને ઇસમો કોઈપણ સરકારી સંસ્થામાં રાજય સેવક તરીકે ફરજ બજાવતા ન હોય તેમ છતાં પોતે "સ્ટેટ ઈન્ટેલીજન્સ" ના સરકારી અધિકારી હોવાની ઓળખ લોકસભા ઈલેકશન ૨૦૧૯ દરમ્યાન એકસેસ પાસ ઈસ્યુ કરનાર અધિકારી સમક્ષ આપેલ હોય . પોતે ફરીયાદ આપેલ હોવાની હકીકત જણાવેલ છે.વધુમાં આંક–૧૮થી ફરીયાદ આંક–૧૯ થી આરોપીના ચહેરા નિશાન પત્રકો, આંક–૨૦ થી રીકવરી પંચનામું તથા અલગ અલગ ૧૪ વસ્તુ કબજે કરેલ હોવાનું જણાવેલ છે.

**(૧૧.૧)**સદર સાહેદની બચાવપક્ષ દ્બારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બનેલ ત્યારે તેઓ હાજર ન હતા. વધુમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓ જે નંબર પરથી ફોન આવેલ તે ફોનનો નંબર ફરીયાદમાં જણાવેલ

નથી. વધુમાં જણાવેલ છે કે, પાસ ઈસ્યુ કરનાર કલેકટરશ્રીના તાબાના અધિકારી છે કે નહી તેમજ ચુંટણી પંચ દ્વારા કોને પાસ ઈસ્યુ કરવામાં આવેલ તેની તેમને જાણ નથી. વધુમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ચુંટણી પંચના કોઈ અધિકારીએ લેખીત ફરીયાદ આપેલ નથી. વધુમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, કોઈપણ વ્યકિત એક કરતા વધારે પ્રેસના કાર્ડ અને રબ્બર સ્ટેમ્પ રાખે તો તે કોઈ ગુનો બનતો નથી.

**(૧૧.૨)**સદર સાહેદની સંપુર્ણ જુબાની વંચાણે લેતા તેઓએ પોતે કરેલ કાર્યવાહી પુરતી સીમીત જુબાની આપેલ છે. વધુમાં બચાવપક્ષ દ્વારા સ્થાનીક જગ્યાએથી અટક કર્યાના સમય,અટક પંચનામા ના સમય અને ફરીયાદ દાખલ કરવાના સમય અંગે બચાવ ઉપસ્થિત કરેલ છે. જેની આગળ ઉપર વિસ્તૃત ચર્ચા કરેલ છે.

**(૧૨.૦)**વધુમાં ફરીયાદપક્ષ દ્વારા **આંક–૨૩** થી **અનિરૂધ્ધસિંહ ગણપતસિંહ જાડેજા**ને તપાસેલ છે. જેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૨/૦૭/૨૦૧૯ના રોજ તેઓ કલેકટર કચેરીમાં ચુંટણી શાખામાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હતા તે વખતે લોકસભાના ઈલેકશન ચાલતા હતા અને તેની કામગીરી તેઓ પાસે હતી. વધુમાં જણાવે છે કે, તેઓની પાસેના ટેબલ પર નાયબ મામલતદાર ચેતનભાઈ ઉપાધ્યાય પાસે બે વ્યકિતઓ તેમનું ઓળખકાર્ડ બતાવી તેઓ ઈન્ટેલીજન્સ ઓફીસર હોય તા.૨૩/૦૪/૨૦૧૯ ના મતદાનના દિવસે મતદાન મથકમાં જવા આઈકાર્ડ બનાવવા માટેની માંગણી કરેલ. વધુમાં જણાવેલ છે કે આ માંગણીમાં રક્ષીતકુમાર શેઠ તથા આશીષભાઈનાએ કરેલ હતી. વધુમાં જણાવેલ છે કે, ચેતનભાઈ તથા તેઓએ આવા કોઈ કાર્ડ ઈસ્યુ કરતા ન હોવાનું જણાવતા તેઓ કલેકટર સાહેબને મળવા ગયેલ હતા. ત્યારબાદ થોડી વારમાં પાછા આવી તેઓને જણાવેલ કે કલેકટર સાહેબે તેઓની ઓફીસના લેટર ઉપર લખાવી આવવા અને ત્યારબાદ મળવા માટે કહયું છે. તેમજ સદર આરોપીઓએ તેઓની

પાસે ઓફીસનું ઈ–મેઈલ માંગતા તેઓનું ઈ–મેઈલ એડ્રેસ આપેલ હતું. વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ સાંજના સમયે તેઓ ફરી પાછા આવેલ હતા પરંતુ તેમનું કોઈ ઈમેઈલ આવેલ ન હતું. જેથી આરોપીઓએ કોઈની સાથે ફોન પર વાત કરી બીજુ ઈમેઈલ એડ્રેસ આપવા જણાવતા બીજું ઈમેઈલ એડ્રેસ આપેલ હતું. વધુમાં જણાવેલ છે કે, સદર ઈમેઈલ એડ્રેસ ઉપર ઈમેઈલ આવતા ઈમેઈલની પ્રીન્ટ તથા બંને વ્યક્તિઓના ફોટા લઈ તેઓના ઉપલા અધિકારીશ્રી નાયબ જીલ્લા ચુંટણી અધિકારી પાસે મુકતા તેઓએ કલેકટર સાહેબ સાથે ચર્ચા કરી પછી કહી શકે તેમ જણાવી અને ત્યારબાદ કલેકટર પાસે ગયા હતા. ત્યારબાદ નાયબ મામલતદાર ચેતનભાઈ ઉપાધ્યાયને ફોન કરી બંને વ્યકિતઓને ઉપરના માળે કલેકટર સાહેબ પાસે મોકલવા જણાવેલ. વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ કોઈએ પોલીસને બોલાવતા પોલીસ તેઓને સાથે લઈ ગયેલ.

**(૧૨.૧)**સદર સાહેદની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ બે માણસો ચેતનભાઈ પાસે આવેલ હતા, તેમની પાસે આવેલ ન હતા. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ઈમેલ એડ્રેસ ઉપર છેલ્લે જે કાગળ આવેલ તે તેમણે જીલ્લા ચુંટણી અધિકારીશ્રી એચ.એચ.જોષી સમક્ષ મુકેલ જે ઈમેઈલમાં પાસ ઈસ્યુ કરવાનો પત્ર હતો. વધુમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, બે જે વ્યકિતઓ ચેતનભાઈ પાસે આવેલી તેમણે તેમના ઓળખ કાર્ડ ચેતનભાઈને બતાવેલા. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ચુંટણી દરમ્યાન પ્રેસ અધિકારીઓ,સરકારશ્રી દ્વારા નિમણુક થયેલા અધિકારીઓને ચુંટણી પ્રક્રિયા દરમ્યાન જવા માટેના પાસ ઈસ્યુ કરવામાં આવે છે. દરમ્યાન જવા માટેના પાસ ઈસ્યુ કરવામાં આવેલ છે.એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે,તેમણે કે ચેતનભાઈએ પોલીસને ફોન પણ કરેલ નથી કે ફરીયાદ પણ આપેલ નથી.

**(૧૨.૨)**મહદઅંશે સાહેદ પોતાની અદાલત સમક્ષની જુબાનીમાં આરોપીઓ તેમની કચેરીમાં ચુંટણી પાસ બનાવવા આવેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે.

**(૧૩.૦)**વધુમાં ફરીયાદપક્ષ દ્વારા **આંક–૨૭** થી **ચેતનભાઇ વિનોદભાઇ ઉપાધ્યાય** ને તપાસેલ છે. જેઓએ પોતાની અદાલત સમક્ષની સરતપાસમા જણાવેલ છે કે, તેઓ તથા અનિરૃધ્ધસિંહ બનાવના દિવસે પોતાની ફરજ પર હાજર હતા તે દરમ્યાન આરોપીઓ તેમની પાસે આવી આઇ.બી ની ઓફીસમાંથી આવીએ છીએ. અને અમારે મતદાન મથકમાં જવા પાસ જોઇતા છે. તે હોવાનું જણાવેલ પાસ બનાવી દીધેલ. જે પાસ ઉપલા અધિકારીની સહી માટે મુકેલા અને તેઓના ઉપલા અધિકારી કલેકટર પાસે ગયેલા. ત્યારબાદ તેઓને ફોન આવેલ અને જણાવેલ કે સદરહું બંને ઇસમોને કલેકટર સાહેબની ચેમ્બરમાં મોકલો તેથી સદર બંને ઇસમોને કલેકટર સાહેબની ચેમ્બરમાં મોકલી આપેલા. વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ પોલીસ વાળા આવેલા અને સદર બંને ઇસમોને લઇ ગયેલા. સદર ઇસમોને શા માટે લઇ ગયેલા તે જાણવા મળેલ નહી.

**(૧૩.૧)**સાહેદે પોતાની ઉલટતપાસમા આરોપી રક્ષીતભાઇને પહેલાથી જ ઓળખતા હોવાનું જણાવેલ છે. વધુમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે,કલેકટર કચેરી તરફથી પત્રકારો અથવા તેમના અધિકૃત પ્રતિનિધિ ને મતદાન મથકે જવા માટે પાસ ઇસ્યુ કરવામાં આવે છે.એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓને તેમના ઉપલા અધિકારીએ ફરમાવ્યુ તે મુજબ ઇ–મેઇલ આવ્યેથી તેમને પાસ તૈયાર કરેલા એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે પાસ તૈયાર કરીને ઉપર કલેકટર સાહેબની ચેમ્બરમાં મોકલેલ ત્યા શું બનેલુ તેનો ખ્યાલ નથી. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે તેઓને પોલીસે કોઇ ફોન કરેલ નથી. કે કોઇ ફરીયાદ આપેલ નથી કે પોલીસને કોણે બોલાવેલા કે પોલીસે શું ફરીયાદ કરેલ. તેનો પણ ખ્યાલ નથી. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓની પાસે આરોપીઓની

હેડઓફીસમાંથી ધોરણસર રીતે પાસ ઈસ્યુ કરવા માટેનો ઈ–મેઈલ આવેલો અને તેના આધારે તેમણે પાસ બનાવેલ હતો.

**(૧૩.૨)**મહદઅંશે સાહેદ પોતાની અદાલત સમક્ષની જુબાનીમાં આરોપીઓ તેમની કચેરીમાં ચુંટણી પાસ બનાવવા આવેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે.

**(૧૪.૦)**ઉપરોકત ચર્ચા કર્યા મુજબના ફરીયાદપક્ષના સાહેદોના સ્વતંત્ર પુરાવાની ચર્ચા કર્યા બાદ બચાવપક્ષ દ્રારા ઉપસ્થિત કરવામાં આવેલ બચાવને ધ્યાને લઈ તમામ પુરાવાની સયુંકત ચર્ચા કરવી આવશ્યક જણાય છે.

**(૧૫.૦)**આ કામે આગળ ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષ દ્રારા રજુ થયેલ પુરાવો તથા દસ્તાવેજી પુરાવા અને બચાવપક્ષ દ્રારા કરવામાં આવેલ ઉલટતપાસ વંચાણે લેતા આરોપીની ઓળખ અંગે કોઈ તકરાર જણાય આવતી નથી.

**(૧૬.૦)**આ કામે બચાવપક્ષ દ્રારા દલીલ કરવામાં આવેલ છે કે, ફરીયાદીની જુબાની તથા ફરીયાદ વંચાણે લેતા ફરીયાદી તથા સાહેદોના પુરાવા માં મહત્વની વિસંગતતા હોવાથી ફરીયાદી તથા સાહેદોની જુબાની વિશ્વશનીય ગણી શકાય નહી તેમજ ફરીયાદપક્ષનો કેસ માની લેવામાં આવે તો પણ બનાવ સમયે ચોકકસ શું ઓળખ આપવામાં આવેલ હતી તે પ્રસ્થાપિત થતુ નથી. બચાવપક્ષની સદર દલીલ અનુસંધાને ફરીયાદપક્ષનો કેસ જોવામાં આવે તો આ કામે આંક–૧૮ ની ફરીયાદ વંચાણે લેતા ફરીયાદ મુજબ "રાષ્ટ્રીય ખુફીયા બ્યુરો "ના અધિકારી હોવાની ઓળખાણ આપેલી હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે. જયારે આ કામના ફરીયાદી કુમારપાલસિંહ કરણસિંહ ગોહીલની આંક–૧૭ની જુબાની વંચાણે લેતા તેઓના જણાવ્યા મુજબ આરોપીઓએ "ખુફીયા એજન્સી" ના અધિકારી હોવાની ઓળખ આપેલ હોવાનું જણાવેલ છે. ફરીયાદીએ પોતાની ફરીયાદમાં આરોપીએ "રાષ્ટ્રીય ખુફીયા બ્યુરો "ના અધિકારી હોવાની ઓળખાણ

આપેલી હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી. વધુમાં આ કામે આંક–૨૩થી તપાસવામાં આવેલ અનિરૂધ્ધસિંહ ગણપતસિંહ જાડેજા એ પોતાની જુબાનીમાં આરોપીએ "ઇન્ટેલીજન્સ ઓફીસર" તરીકે આઇકાર્ડ બનાવાની માંગણી કરેલ હોવાનું જણાવેલ છે. પરંતુ આગળ ઉપર ચર્ચા કરી તે મુજબ આંક–૧૮ની ફરીયાદમાં આરોપી ઓએ પોતે ઇન્ટેલીજન્સ ઓફીસર હોય તેવી ઓળખાણ આપી હોય તેવી કોઇ હકીકત જણાવવામાં આવેલી નથી. તેવી જ રીતે સદર સાહેદની જુબાનીમાં આરોપીઓએ બનાવ સમયે પોતે "ખુફીયા એજન્સી" ના અધિકારી હોવાની ઓળખ આપેલ હોય કે "રાષ્ટ્રીય ખુફીયા બ્યુરો" ના અધિકારી હોવાની ઓળખાણ આપેલી હોય તેવી કોઇ હકીકતને સમર્થન આપેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૭ થી તપાસવામા આવેલ સાહેદ ચેતનભાઇ વિનોદચંદ્ર ઉપાધ્યાય એ પોતાની જુબાનીમાં આરોપીઓએ પોતે "આઇ.બી." ની ઓફીસ માંથી આવતા હોવાનું જણાવેલ હોવાનો પુરાવો આપેલ છે પરંતુ તેઓએ બનાવ સમયે આરોપીઓએ પોતે " ખુફીયા એજન્સી" ના અધિકારી હોવાની ઓળખ આપેલ હોય કે "રાષ્ટ્રીય ખુફીયા બ્યુરો " ના અધિકારી હોવાની ઓળખાણ આપેલી હોય તેવી કોઇ હકીકતને સમર્થન આપેલ નથી. આમ, ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ તમામ સાહેદોની જુબાની વંચાણે લેતા બનાવ સમયે આરોપીઓએ શું ઓળખ આપેલી તે અંગે વિસંગત પુરાવો જણાય આવે છે. આમ ફરીયાદપક્ષે બનાવ સમયે આરોપીઓએ ચોકકસ શું ઓળખ આપેલ હતી તે વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. તેમ આ અદાલત માને છે.

**(૧૭.૦)**બચાવપક્ષ દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષ દ્વારા બનાવ અંગે ફરીયાદીને કોણે જાણ કરેલી તે અંગેનો કોઇ વિશ્વનીય પુરાવો અદાલત સમક્ષ રજુ કરી શકેલ નથી. બચાવપક્ષની સદર દલીલ અનુસંધાને આ કામની હકીકત જોવામાં આવે તો ફરીયાદ પક્ષના કેસ મુજબ બનાવ સમયે આરોપીઓએ પોતાની ઓળખ

સરકારી અધિકારી હોવાની આપતા અને તે અંગે શંકા જતા કલેકટર કચેરીમાંથી ફરીયાદીને ફોનથી જાણ કરવામાં આવતા ફરીયાદી કલેકટર કચેરીમાં આવેલા. પરંતુ આ કામે રજુ થયેલ તમામ સાહેદો ની જુબાની વંચાણે લેતા ચોકકસ કોણે ફરીયાદીની બનાવ અંગેની જાણ કરેલી તે હકીકત રેકર્ડ પર આવતી નથી. આ કામે આંક–૧૮થી રજુ થયેલ ફરીયાદ વંચાણે લેતા સદર ફરીયાદ મુજબ નાયબ મામલતદાર ઈલેકશન ડયુટી ચેતનભાઈ વિનોદભાઈ ઉપાધ્યાય તથા અનિરૂધ્ધસિંહ જાડેજાએ ટેલીફોનીક જાણ કરેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. જયારે આ કામના ફરીયાદી કે.કે.ગોહીલ ની આંક–૧૭ ની જુબાની વંચાણે લેતા તેઓએ પોતાની જુબાનીમાં ફરજ પરના અધિકારીએ તેઓને બનાવ અંગેની સુચના આપેલી હોવાનું જણાવેલ છે પરંતુ કોઈ અધિકારીનું નામ અદાલત સમક્ષ જણાવેલ નથી. વધુમાં સદરહું સાહેદની ઉલટતપાસ દરમ્યાન પણ કોણે ફોન કરેલ કયા નંબર પરથી ફોન આવેલ તથા તે નંબર જાણ ન હોવાનું પણ રેકર્ડ પર આવેલ છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષ દ્રારા તપાસવામાં આવેલ અનિરૂધ્ધસિંહ જાડેજા (આંક–૨૩) તથા ચેતનભાઈ (આંક–૨૭)એ પોતાની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેમણે પોલીસને કોઈ ફોન કરેલ નથી કે કોઈ ફરીયાદ આપેલ નથી. આમ, ફરીયાદપક્ષ બનાવ અંગેની જાણ ફરીયાદીને કોણે કરેલ હતી તે અંગેનો કોઈ વિશ્વનીય પુરાવો અદાલત સમક્ષ રજુ કરી શકેલ નથી. વધુમાં ખુદ ફરીયાદી પોતે તેઓને બનાવ ની કોણે જાણ કરેલી તે હકીકત અદાલત સમક્ષ જણાવી શકેલ નથી. આ સંજોગોમાં બનાવ અંગે કોણે ફરીયાદીને કોણે જાણ કરેલી તે હકીકત ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. તેથી ખરેખર બનાવ બન્યા અંગે વ્યાજબી શંકા ઉપસ્થિત થાય છે.

(૧૮.૦)આ કામે ફરીયાદપક્ષ દ્રારા આરોપીઓ પાસેથી ઘણા બધા જુદા જુદા પ્રેસના ઓળખપત્રો તથા રબર સ્ટેમ્પ કબજે કરેલ છે. પરંતુ તપાસ દરમ્યાન આરોપીઓ સદર કેસના પત્રકાર કે કર્મચારી નથી કે તેઓ

પાસેથી મળેલ ઓળખપત્રો અને રબર સ્ટેમ્પ ખોટા કે બનાવટી હોવાનો કોઇ પુરાવો મળી આવેલ નથી કે તેવો પુરાવો અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં માત્ર આરોપીઓ પાસેથી એકથી વધારે પ્રેસના ઓળખપત્રો અને રબર સ્ટેમ્પ મળી આવેલ છે તેટલા માત્રથી આરોપીઓએ ખોટી ઓળખ આપેલી હતી તેવું પ્રસ્થાપિત થઇ શકે નહી. તેમ આ અદાલત માને છે.

**(૧૯.૦)**વધુમાં ફરીયાદપક્ષ દ્વારા આરોપીઓએ ઇન્ટેલીજન્સ બ્યુરોના અધિકારી હોવાની ઓળખ આપેલ હોવાનો આક્ષેપ કરેલ છે જો કે ફરીયાદપક્ષ સદર આક્ષેપ પુરવાર કરી શકેલ નથી. તેમ છતાં આરોપીઓ પાસેથી "નેશનલ ઇન્ટેલીજન્સ બ્યુર્રો સ્ટેટ ઓફીસ કન્ઝ્યુમર રાઇટસ ઓફ ગુજરાત"નું ઓળખપત્ર મળી આવેલ. પોલીસ તપાસમાં પણ આવી સંસ્થા અસ્તિત્વમાં હોવાનુ પુરવાર થયેલ છે. સાહેદ અનિરૂધ્ધસિંહ/ચેતનભાઇને સદર સંસ્થા તરફથી પાસ ઇસ્યુ કરવાની ખરાઇ કરતો મેઇલ પણ આવેલ છે. આ સંજોગોમા આરોપીઓએ "ઇનટેલીજન્સ બ્યુરો " ના માણસ હોવાની હકીકત જણાવેલ હોય તો પણ તેઓએ સરકારી અધિકારી તરીકે ખોટી ઓળખ આપી હોવાનું પુરવાર થતુ નથી.

**(૨૦.૦)**આ કામે બચાવપક્ષ દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે ફરીયાદપક્ષ દ્વારા તા.૨૨/૦૪/૨૦૧૯ના રોજ બનાવ બનેલ હોવાની ફરીયાદ કરવામાં આવેલ છે. પરંતુ જો આરોપીઓ તા.૨૨/૦૪/૨૦૧૯ના રોજ સ્થળ ઉપરથી મળી આવેલ હોય તો તેઓને તા.૨૪/૦૪/૨૦૧૯ સુધી શા માટે અટક કરેલ નથી તેનો કોઇ ખુલાસો કરેલ નથી. જેથી બનાવ સમયે આરોપી હાજર હતા તે હકીકત જ શંકાસ્પદ બને છે. બચાવપક્ષની સદર દલીલ અનુસંધાને ફરીયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદપક્ષના જણાવ્યા મુજબ આરોપીઓએ તા.૨૨/૦૪/૨૦૧૯નારોજ કલેકટર કચેરીમાં જઇ પોતાની ખોટી ઓળખ આપેલી અને ત્યાથી જ ફરીયાદી દ્વારા આરોપીઓની કસ્ટડી મેળવી લેવામાં આવેલ હતી. વધુમાં આંક-

૧૯ ના આરોપીઓને અરેસ્ટ મેમો વંચાણે લેતા આરોપીઓએ તા.૨૪/૦૪/૨૦૧૯ના રોજ કલાક ૧૯.૦૦ વાગ્યે અટક કરવામાં આવેલ છે. જો આરોપીઓને તા.૨૨/૦૪/૨૦૧૯ના રોજ કલેકટર કચેરીમાંથી જ કસ્ટડીમાં લેવામાં આવેલ હોય તો તા.૨૪/૦૪/૨૦૧૯ના કલાક ૧૯.૦૦ વાગ્યા સુધી આરોપીને શા માટે અટક કરવામાં આવેલ નથી. તે સમય દરમ્યાન આરોપીની કસ્ટડી કોની પાસે હતી તે અંગેનો કોઇ ખુલાસો ફરીયાદપક્ષ દ્વારા કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીને અટક કરવાનો ચોકકસ સમય પુરવાર કરી શકેલ ન હોય ફરીયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉપસ્થિત થાય છે. તેમ આ અદાલત માને છે.

**(૨૧)** આ કામે બચાવપક્ષ દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, ફરિયાદપક્ષની હકીકત મુજબ તા. ૨૨/૦૪/૨૦૧૯ ના રોજ બનાવ બનેલ જોકે સદર બનાવની ફરિયાદ તા. ૨૪/૦૪/૨૦૧૯ ના રોજ આપવામાં આવેલી છે, પરંતુ ફરિયાદપક્ષ દ્વારા ફરિયાદ બે દિવસ વિલંબથી શા માટે આપવામાં આવેલી છે તેનો કોઈ ખુલાશો ફરિયાદમાં કે, પુરાવા દરમિયાન કરવામાં આવેલ નથી, તેથી ફરિયાદપક્ષ દ્વારા ખોટી રીતે આરોપીની સંડોવણી થાય તે મુજબ વિલંબથી ફરિયાદ કરવામાં આવેલ છે. બચાવપક્ષની સદર દલીલ અનુસંધાને આ કામે આંક–૧૮ થી રજુ થયેલ ફરીયાદ વંચાણે લેતા ફરીયાદ તા.૨૪/૦૪/૨૦૧૯ના રોજ રાત્રીના ૨૨.૩૦ કલાકે આપવામા આવેલ છે. પરંતુ સદરહું ફરીયાદમાં ફરીયાદ બે દિવસ શા માટે મોડી આપવામાં આવેલી તેનો કોઇ વ્યાજબી ખુલાસો કરવામાં આવેલ નથી. અત્રે એ હકીકત નોંધવી જરૂરી જણાય છે કે, માત્ર કોઈ ફરિયાદ વિલંબથી આપવામાં આવેલી છે એટલા માત્ર કારણથી ફરિયાદપક્ષના કેસ પર શંકા કરી શકાય નહીં. જોકે ફરિયાદપક્ષ દ્વારા ફરિયાદમાં ફરિયાદ વિલંબથી આપવા માટેનો યોગ્ય અને વ્યાજબી ખુલાશો કરેલ હોય તો માત્ર ફરિયાદ વિલંબથી આપવામાં આવેલી છે એટલા માત્રથી ફરિયાદપક્ષના કેસ પર શંકા કરી શકાય નહીં. જો

ફરિયાદપક્ષ દ્વારા ફરિયાદ વિલંબથી આપવામાં આવેલી હોય અને તે અંગે યોગ્ય અને વ્યાજબી ખુલાશો કરવામાં આવેલ ન હોય તો તેવા સંજોગોમાં કોઈ વિપરીત કારણોસર આરોપીની સંડોવણી થાય તે મુજબ પુર્વ વિચારણા બાદ ફરિયાદ આપવામાં આવેલી છે તેવી શક્યતાનો ઈનકાર થઈ શકે નહીં અને તેવા સંજોગોમાં અદાલતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ તમામ પુરાવો ધ્યાને લઈ જો વિલંબનો ફરિયાદપક્ષ દ્વારા ખુલાશો કરવામાં આવેલ ન હોય તો ફરિયાદપક્ષનો કેસ શંકાસ્પદ છે તેવું કોર્ટ અનુમાન કરી શકે. આ સંજોગોમાં ફરીયાદપક્ષ ફરીયાદ મોડી કરવા અંગે વ્યાજબી ખુલાશો કરેલ ન હોય ફરીયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉપસ્થિત થાય છે તેમ આ અદાલત માને છે.

**(૨૨.૦)**આ કામે સાહેદ ચેતનભાઇએ પોતાની આંક–૨૭ની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ આરોપીઓના "આઇકાર્ડ" ઇસ્યુ કરેલ અને તે આઇકાર્ડ સહી માટે પોતાના ઉપલા અધિકારીને મોકલેલ પરંતુ ફરીયાદપક્ષ દ્વારા આવા કોઇ આઇકાર્ડ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ નથી. આમ સદર સાહેદે કોઇ આઇકાર્ડ ઇસ્યુ કરેલ હતા કે કેમ તે અંગે વ્યાજબી શંકા ઉપસ્થિત થાય છે.

**(૨૩.૦)**આમ આગળ ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષનો તમામ પુરાવો વંચાણે લેતા આરોપીઓએ પોતાની ઓળખાણ કોઇ સરકારી અધિકારી તરીકે આપેલી હોય અને તેવી ઓળખ આપી ઓળખપત્ર બનાવવા માટે જણાવેલ હોય તે હકીકત પુરવાર થાય તેવો કોઇ વ્યાજબી પુરાવો ફરીયાદપક્ષ અદાલત સમક્ષ રજુ કરી શકેલ નથી. વધુમાં આરોપીઓ પાસેથી મળી આવેલ ઓળખકાર્ડ અને રબર સ્ટેમ્પ ખોટા અને બનાવટી હોય તે હકીકત પણ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. વધુમાં ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ ફરીયાદીએ જે સંસ્થાને અનુસંધાને પોતાની ઓળખ આપેલ હોવાનો આક્ષેપ કરેલ છે તેવી સંસ્થા અસ્તિત્વમાં હોવાથી આરોપીઓએ ખોટી રીતે પોતે સરકારી અધિકારી હોવાની ઓળખ આપી હોય તેવું પણ પુરવાર થતુ

નથી. તેમજ ફરીયાદપક્ષ દ્રારા રજુ થયેલ પુરાવો એકબીજાથી વિસંગત જણાય આવતો હોય આરોપીઓએ બનાવ સમયે પોતાની " નેશનલ ઈન્ટેલીજન્ટ બ્યુરો" ના ઈન્વેસ્ટીગેશન ઓફીસર તરીકેની પોતાની ઓળખ કલેકટર કચેરીમાં આપી મતદાન મથકમાં પ્રવેશ મેળવવા માટેના પાસ મેળવવા કોશીશ કરી એકબીજાની મદદ કરી આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૭૦ તથા ૧૧૪ મુજબનો ગુનો કરેલ હોય તે હકીકત પુરવાર કરી શકેલ નથી. વધુમાં ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો માનવામાં આવે તો પણ ફરિયાદ પક્ષે જે આક્ષેપ કરેલ છે તેને પુરતુ સમર્થન પ્રાપ્ત થતુ નથી. આમ, ફરિયાદ પક્ષના કેસ ઉપર વ્યાજબી શંકા ઉભી થાય છે તેમ આ અદાલત માને છે. તેથી **મુદા નં–૧** ની જવાબ **નકારમાં** આપવામાં આવે છે.

**(૨૪.૦)**આમ, ઉપરોકત હકીકતોએ ફોજદારી ધારાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ફરિયાદ પક્ષે પોતાનો કેસ પોતાના પુરાવાથી સાબિત કરવાનો રહે છે અને ફરિયાદ પક્ષ જો પોતાનો કેસ સાબિત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીને મળે અને અગાઉ ચર્ચા કરી તે મુજબ ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, તા.૨૨/૦૪/૨૦૧૯ના રોજ આ કામના આરોપીઓએ કલેકટર કચેરીમાં આવી ચુંટણી શાખામાં જઈ પોતે સરકારી નોકર ન હોવા છતા પોતાની ઓળખ નેશનલ ઈન્ટેલીજન્ટ બ્યુરોના અધિકારી તરીકે આપી તા.૨૩/૦૪/૨૦૧૯ના રોજ યોજાનાર ચુંટણીના મતદાન મથકોમાં પ્રવેશ કરી શકે તે હેતુથી પાસ મેળવવાની કોશીશ કરી પકડાઈ જઈ આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૭૦,૧૧૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ હોવાનું વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ નથી તેમ આ અદાલત માને છે. તેથી, **મુદ્દા નંબરઃ–૨** ના પ્રત્યુતર રૂપે "**આખરી હુકમ**" નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

## --// આ ખ રી હુ ક મ //--

(૧) આ કામના આરોપી–નં.**(૧) રક્ષીતકુમાર મનહરલાલ શેઠ** ઉ.વ.પ૧, રહેઃ સ્નેહદીપ એપાર્ટમેન્ટ, ફ્લેટ નં.૩ તથા ૪, પેલેસ રોડ, જામનગર. તથા આરોપી નં.**(૨) આસીષભાઈ ભરતકુમાર દોશી** ઉ.વ.૪૪, રહે. અપર્ણ રેસીડેન્સી, ફ્લેટનં.૪૦૩, પટેલ કોલોની શેરી નં.૦૩, રોડ નં.૦૩, જામનગર. નાઓને ભારતીય દંડ સંહિતા ની કલમ–૧૭૦,૧૧૪ મુજબના સજાને પાત્ર ગુનાના તહોમતમાંથી ક્રિમિનલ પ્રોસીજર કોટની કલમ–૨૫૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપીઓએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ અનુસાર અપીલ પીરીયડ સુધીના રૂપિયા ૧૫,૦૦૦/– ના જામીન તથા જાતમુચરકા આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે અગાઉ જો કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને જો તેવો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો અપીલ સમય વિત્યે મૂદ્દામાલની માલિકીની ખરાઈ કરી તેના મૂળ માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ :૧૭મી માહે–જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

સ્થળઃ જામનગર. **(નરેન્દ્રકુમાર ગુણવંતરાય પરમાર)**
તા.૧૭/૦૭/૨૦૨૬. એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
જામનગર.
(કોડ નંબરઃ જીજે૦૦૮૬૯)